શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદનું મુખપત્ર

# નિયાંપો

સાહિત્ય અને સભ્યતાનો સેતુ

## MARCH 2021



PURE VEGETARIAN



THE GRAND
BALLROOM
LUXURY BANQUETS

by:

MINTTU SARNA - GAURAV CATERERS - RAJ KABRA

4th Floor, Opp. Police Head Quarters, Road No. 12,
Banjara Hills, Hyderabad - 500 034.
M : 63024 14052

# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૨૨** **અંક : ૩૦૩**



પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદક
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩
**email : hydkmm@gmail.com**



*મુદ્રક :* **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**

જય જિનેન્દ્ર,

ગરમીની શરૂઆત થઇ ગઇ છે. હમણાની કોવિડની મહામારીમાં આપ સર્વને સ્વાસ્થય માટે શુભેચ્છા.

આપણા પૂર્વજો પણ આવી મહામારીનો સામનો કરી ચુક્યા છે. તથા ઘણાએ પોતાનું જીવન પણ ગુમાવ્યુ છે.

ભારતનું ગૌરવ કહેવાય કે કોવિડ માટેની વેક્સિન આપણા દેશે બનાવી. તેમજ ઘણા બીજા દેશોને પણ તે આપી. ઘણી સામાજીક સંસ્થાઓએ પોતાનો ફાળો આપી ઓછા દરે પોતાના સભ્યોને પણ વેક્સિન આપવાવું શરૂ કર્યુ. ૬૦ વર્ષથી વધારે ઉમરના વ્યક્તિએ વેક્સિન જરૂરથી લેવું. ઘભરાવા જેવું કશુજ નથી. બધા સ્વાસ્થ્ય કર્મચારીએ પણ આ વેક્સિન લીધુજ છે. તો પોતાના ફેમિલી ડોક્ટરની સલાહ લઇને પણ વેક્સિન જરૂરથી લઇ સ્વસ્થ રહેવું.

માસ્ક તથા સોશિયલ ડીસ્ટેસીંગ જેવી બાબતોનું જરૂરથી ધ્યાન રાખવું. હેપ્પી હોલી...



**હોળી પર્વની હાર્દિક શુભેચ્છાઓ...**

# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

જયજિનેન્દ્ર,

નાણાકીય વર્ષ લગભગ પૂર્ણ થવા આવી રહેલ છે, આ વર્ષ દરમ્યાન આવી પડેલ મુશ્કેલીઓથી સર્વ વ્યક્તિ અને વ્યવસાય ખુબ જ કઠીનાઇ ભરી પરિસ્થતીમાં મુકાઇ ગયેલ હતા. શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઓનલાઇન દ્વારા પોતાનુ કોર્સ ચાલુ રાખી શકેલ હતા. હવે પરિસ્થીતી પૂર્ણ રૂપ થી સામાન્ય થવા આવી ગયેલ છે.

કોરોના પ્રીવેન્શન માટેની વેક્સિન ભારતભરમાં આપવાની શરૂઆત થઇ ગયેલ છે. અને આ માટે આપણને ગર્વ લેવા જેવી વાત છે, ભારત મેડીકલ ક્ષેત્રે પણ આગેકુચ કરી રહેલ છે.

વર્ષ દરમ્યાન ભવન બુકીંગ નું પ્રમાણ ખુબજ નીચુ રહેતા મેનટેનન્સ અને અન્ય ખર્ચનુ પ્રમાણ વધારે હોવાથી બેલેન્સશીટમાં આવક કરતા જાવકનું ખાતુ વધી જવા પામેલ છે.

શૈક્ષણિક મેરીટ એવાર્ડ તારીખ ૨૮-૩-૨૦૨૧ ના દિવસે યોજવામાં આવેલ છે. અનિવાર્ય સંજોગો ના કારણે તારીખમાં ફેરબદલ કરવામાં આવેલ છે.

શૈક્ષણિક એવાર્ડ માટે વધારાના મેડલ માટે કરવામાં આવેલ અપીલનું તુરંત જ દાતાઓ દ્વારા પ્રત્યુતર આવતા એમના સહયોગથી કાર્ય સરળ રીતે પાર પડી ગયેલ છે સર્વ ગોલ્ડ અને સીલ્વર મેડલનાં દાતા પરિવારોનો ખુબ ખુબ આભાર.

માનવ મિત્ર સમિતિ આ વર્ષમાં ૨૫ વર્ષ પૂર્ણ કરી રહેલ છે, સમિતિનાં શ્રેષ્ઠ કાર્યો અને કાર્યકર્તાઓના સમર્પણ ભાવથી સમિતિ દરેક મેમ્બરો માટે અતિ ઉપયોગી થતી આવી છે. ૨૫ વર્ષથી સમિતિ સાથે જોડાઇને કાર્ય કરતા મેમ્બરોને સમાજ વતિ ખુબજ અનુમોદના.

વર્ષ દરમ્યાન બુકીંગનું પ્રમાણ નહીવત રહેતા ઘણા પેન્ડીંગ કાર્યો કરાવવામાં આવી રહેલ છે.

ઘણા વર્ષોથી ડ્રેનેજ લાઇન રીપેરીંગ અને ગ્રાઉન્ડ ફ્લોરના કોમન બાથરૂમોનુ (લેડીસ અને જેન્ટ્સ) રીનોવેશનનું કાર્ય કરાવવામાં આવી રહેલ છે.

રેઇન વોટર હોર્વેસ્ટીંગનું કાર્ય પુર્ણ કરાવવામાં આવેલ છે, જેથી મેઇન બીલ્ડીંગની આગાશીનું વરસાદનું પૂરૂ પાણી રીચાર્જ પીટમાં ડાયવર્ટ કરાવવામાં આવેલ છે.

પાર્કીંગ પ્લેસ અને ઓપન એરીયામાં નવી એલ.ઇ.ડી. લાઇટો લગાવવામાં આવેલ છે તથા બીજા કલર અને અન્ય કાર્યો કરાવવામાં આવી રહેલ છે. જેથી કમ્પીટીશન ના યુગમાં આપણુ સ્થાન હમેશા મોખરાનું રહેવા પામે.

આ માસ દરમ્યાન નીચે મુજબના અનૂદાન મંડળને શિક્ષણ સહાયઅર્થે પ્રાપ્ત થયેલ છે, સર્વ દાતા પરિવારોનો આભાર.

| | |
|---|---|
| રૂ. ૧૧૦૦૦/- | માતુશ્રી પ્રભાબેન જયચંદ બોરીચા પરિવાર હઃ પ્રવિણ જયચંદ બોરીચા |
| રૂ. ૧૧૦૦૦/- | શ્રી હરીલાલ ભીમશી સાવલા પરિવાર પૌત્ર નીરવ તુષાર સાવલાના લગ્ન પ્રસંગે |
| રૂ. ૩૧૦૦૦/- | શ્રી પ્રતાપ જીલુભાઇ જાડેજા પરિવાર - સિલ્વર મેડલ માટે<br>પૌત્રી અનીષા સીમરન જાડેજા જન્મ દિવસ પ્રસંગે |
| રૂ. ૧૦૦૦૦/- | શ્રી સુભાષભાઇ કસ્તુરચંદ ખંડોર પરિવાર - ગોલ્ડ મેડલ માટે |
| રૂ. ૧૦૦૦૦/- | શ્રી ગૌરવ નલીન શાહ પરિવાર - ગોલ્ડ મેડલ માટે |
| રૂ. ૧૧૦૦૦/- | શ્રીમતિ અરૂણાબેન મહેન્દ્ર શાહ પરિવાર - ગોલ્ડ મેડલ માટે |
| રૂ. ૧૧૦૦૦/- | શ્રી ટી. એલ. કાપડિયા પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ - ગોલ્ડ મેડલ માટે |

# સંપાદકીય

શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા

જયજિનેન્દ્ર....

પ્રેમભર્યો (વેલેન્ટાઇન વાળો) નાનો ફેબ્રુઆરી મહિનો પુરો થયો અને હિસાબ કિતાબ વાળો માર્ચ મહિનો આવ્યો. બધાજ પોતાના હિસાબ ટેલી કરવામાં વ્યસ્ત હશો.

વિદ્યાર્થીયો ભાઇ બહેનો ઓનલાઇન હોવા છતાં પણ પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા હશો.

દેશભરમાં હાલ કોવિડ વેક્સિનની ચર્ચા ચાલી રહી છે. બાળકોને કેટલી રસી આપાવ્યા છતાં વડિલો પોતાને માટે કોવિડ વેક્સિન લેવા માટે વિચાર કરે છે. સિનિયર સિટીઝન માટે સ્વસ્થ રહેવુ બહુજ જરૂરી છે. પરવશ જીવન જીવવુ અઘરુ છે.

સાદુ સાત્વિક ભોજન તથા કસરત, યોગા કરી જીવનનો આનંદ માણવો.

મહાશિવરાત્રી તથા હોળીની શુભેચ્છા.....

## જાહેર ખબર માટે ખાસ સુચના

નિયાપોમાં જે કોઈ ભાઈ બહેનો જાહેર ખબર આપતા હોય તેમને ખાસ વિનંતી કે જાહેર ખબરની મેટર કચ્છી ભવનની ઓફિસમાં જ જરૂરી રકમ ભરી, રસીદ મેળવી રજીસ્ટર કરાવવી. કોઈએ પણ ડાયરેક્ટ ચંદ્રપ્રભા ગ્રાફિક્સમાં આપવી નહીં.

નોંધ : જાહેર ખબરો, મેટરો ઈત્યાદી મેમ્બરો લેટ મોકલાવે છે. જેથી 'નિયાપો' ને છાપવામાં અને પ્રકાશિત કરવામાં લેટ થઈ જાય છે. સૌને ખાસ વિનંતી કે જે મેટર નિયાપોમાં છાપવાની હોય તે આગલા મહિનાની ૩૦ તારીખ પહેલા મોકલાવી આપે. ૩૦ તારીખ પછી જાહેર ખબર કે મેટર આવશે તો તે બીજા મહિનાના નિયાપોમાં આવશે જેની નોંધ લેશો. – સંપાદક

## NIYAPO - Revised Adervisement-Rates (Effective from 1-10-2018)

**COLOUR**

| | | Monthly Rates | Annual Rates |
|---|---|---|---|
| * 1) | Last Cover Page (Outside) | Rs. 3200/- | Rs. 35200/- |
| * 2) | Second Page (Inside) | Rs. 2800/- | Rs. 30800/- |
| * 3) | Last Page (Inside) | Rs. 2800/- | Rs. 30800/- |
| 4) | Pin Page | Rs. 2500/- | |
| | **BLACK & WHITE** | | |
| * 5) | Full Page | Rs. 850/- | Rs. 9350/- |
| 6) | Half Page | Rs. 500/- | |
| 7) | Quater Page | Rs. 200/- | |
| 8) | Strip | Rs. 100/- | |

Note : If any person gives advertisement for 12 months in advance, only 11 months payment will be collected. this concession is allowed in item No. 1,2,3 & 5 only marked. (*)




**Followed by Alpahaar.**

**Rs. 20/- Registration per head. Registration for only 200 Members will be accepted on first cum first basis due to on going Covid Pandemic and Govt. norms.**

**Alpahaar Courtesy :**

## Sri Bharatbhai Jethalal Gala - Deshalpur Kutch

## માનવ મિત્ર સમિતિ

સંચાલકો:લહેરચંદ ટોકરશી લોડાયા ફોન: ૯૨૪૬૫ ૩૧૦૬૬
હિતેન મણીલાલ સંગોઇ ફોન : ૯૮૪૯૧૬૪૨૨૧

| આપનાર દાનની નોંધ દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| શ્રીમતી જયાબેન જવેરચંદ દંડ | ૫૦૦ | ૫૦૦ | ૧ | - | ૫૦૦ | - |
| શ્રી હરીલાલ ભીમશી સાવલા | ૨૦૦૦ | - | ૪ | ૧૨૦૦ | - | - |
| શ્રી વિજય ખેતશી દેઢીયા રાહુલ અને હર્ષિધી ના લગ્ન પ્રસંગે | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |

ઉપરોક્ત દાતાઓનો ખુબ ખુબ આભાર. ફેબ્રુઆરી મહીનાના તા. ૨૦, ૨૧ નાં મુઠ્ઠીભર અનાજનાં વોલીન્ટીયર બાળકો માટે વીકારાબાદ માં ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ વર્ષ માનવ મિત્ર સમિતિનો ૨૫ વર્ષ સીલ્વર જુબલી વર્ષ છે.

**માનવમિત્ર સમિતિ તા. ૨૧-૩-૨૦૨૧ રવિવારનાં એક કાર્યક્રમ લાવી રહી છે, જેની વિગત વોટ્સઅપ ઉપર પણ જાણ કરવામાં આવશે.**

૧) એક પ્રોગ્રામ (મુઠ્ઠીભર અનાજ નાં બાળકો દ્વારા - મેરા ભારત મહાન)
૨) પોતાનુ સ્વાસ્થ્ય પોતાના હાથમાં (વક્તા એક્યુપ્રેશર અને ડાયટ થેરેપી શ્રીમતી મનીષાબેન)
૩) યોગા ઉપર પ્રવચન (યોગ ટીચર દ્વારા)

આ કાર્યક્રમ કચ્છી ભવનમાં સાંજના ૫.૩૦ વાગે થી રહેશે. જેમને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવું હોય તેમણે કચ્છી ભવનમાં તા. ૧-૩-૨૦૨૧ થી ૨૦-૩-૨૦૨૧ સુધી રૂ. ૨૦ (વીસ રૂપીયા) ભરી ને પોતાનું નામ રજીસ્ટર કરાવી લેવું. સરકાર ના કાયદા પ્રમાણે વહેલો તે પહેલો પ્રમાણે ૨૦૦ જણ થી વધારે નામ રજીસ્ટર નહીં થાય. કાર્યક્રમ બાદ
અલ્પાહાર **શ્રી ભરતભાઇ જેઠાલાલ ગાલા**-ગામ દેશલપુર તરફથી રાખવામાં આવેલ છે.

## જીવનચક્ર

**લગ્ન નોંધ:**

| | | |
|---|---|---|
| ચિ. રાહુલ વિજય ખેતશી દેઢીયા | કોડાય | હૈદરાબાદ |
| ચિ. હર્ષિધી નિતિન શાંતિલાલ ગાલા | કપાયા | હૈદરાબાદ |

**સગપણ નોંધ:**

| | | |
|---|---|---|
| ચિ. અનિશા રાજેશ ખેતશી દેઢીયા | કોડાય | હૈદરાબાદ |
| ચિ. સાગર ડૉ. જીતેન્દ્ર ધનજી નાગડા | વીંઢ | મુંબઈ |

**CHANGE OF ADDRESS /PHONE**

1) TARACHAND TALAKSHI PASAD 9014295801



# KMM Yuva Samiti

**KUTCHI MITRA MANDAL YUVA SAMITI PRESENTS JOB MELA -2021**

***A platform to achieve your dream job......***

We are pleased to announce our collaboration with

**" IGlobus Corporate Consulting Co. "**

It is a team of versatile recruiters who are committed to deliver client requirements in a stipulated time while assisting you for your dream job.

**Few of their prestigious clienteles are Wipro, Aheadrace, Skillsoft, Snapdeal,Froogal, dextaara, etc.**

**No Age limit**
**Jobs available in all types of fields**
**Job openings for freshers**
**Job openings for experienced candidates**
**Entire Process is exteremely confidential**
**No charge/hidden cost for the entire process exclusively for KMM members**

Under no circumstances is KMM responsible/guruantee job to the candidate.
It depends entirely on the capability of the candidate.
*Our attempt is to provide a platform to achieve your dream job.*

**Kindly contact ANKIT VORA - 9000011775 to receive the link to submit your resume.**

# વિવિધા

## તું એનો ખોટો મોહ રાખવાનું છોડી દે

સંકલન : પંકજ વલ્લભજી સાવલા

ફૂલના રસથી પ્યાલા ભરીએ, આવ જરા મન હળવું કરીએ, જ્યાં ડૂબે છે ભયથી દુનિયા, ત્યાં તરવાની ગમ્મત કરીએ, વ્હાલાં પણ વેરી થઇ બેઠાં, દિલને થોડું કાઠું કરીએ, કેમ ઝૂકે ના પ્રેમનું પલ્લું, દિલને બદલે માથું ધરીએ.

આપણા દુઃખનું એક કારણ એ હોય છે કે જ્યારે જે છોડવાનું હોય એ આપણે છોડી શક્તા નથી. આપણું ન હોય એને પણ આપણે પકડી રાખીએ છીએ. દરેકનો એક સમય હોય છે. દરેકનો એક અંત હોય છે. કંઇ જ કાયમી નથી. આપણને બધાને આ વાતની ખબર છે, છતાં કેમ આપણાથી કંઇ છુટતું નથી? આપણને જે વ્યક્તિ પ્રત્યે લગાવ હોય એ દૂર થાય ત્યારે એક અભાવ સર્જાય છે. આપણને તો વસ્તુઓ કે સાધનોની પણ આદત પડી ગઇ હોય છે. ગમતી વસ્તુ તૂટે ત્યારે આપણને પીડા થાય છે. ગમતી વ્યક્તિનો હાથ છૂટે ત્યારે વેદના થાય છે.

સૌથી વધુ દુઃખ, સૌથી વધુ પીડા, સૌથી વધુ વેદના, સૌથી વધુ ઉદાસી અને સૌથી વધુ એકલતાં સંબંધોના કારણેજ સર્જાય છે. ઝંખનાઓ જ્યારે ઝાંખી પડે ત્યારે જિંદગી ધૂંધળી લાગવા માંડે છે. આપણે એવું કહેતા અને સાંભળતા રહીએ છીએ કે, કોઇના વગર કંઇ અટકતું નથી. અટકે નહીં, પણ ગતિ ધીમી પડી જાય છે.

પ્રેમ, વસ્તુ, સંબંધ અને બીજું ઘણું બધું ક્યારેક આપણે ઇચ્છતા ન હોવા છતાં છોડવું પડે છે. ક્યારેક એ છૂટી જાય છે. આપણી નજર સામેજ આપણાં અરમાનોનું વહાણ ડૂબી રહ્યું હોય છે અને આપણે મૂક પ્રેક્ષક બનીને જોતા રહેવું પડે છે. આપણે ઇચ્છયું હોય એ ન મળે ત્યારે આપણે દુઃખી થઇએ છીએ. જિંદગીમાં બધું મળે એવું જરૂરી નથી. એવું શક્ય પણ નથી. કંઇક છૂટવાનું છે. આપણે ભાગતા રહીએ છીએ. આપણી ઇચ્છાઓનો અંતજ નથી.

એક વાર તમને સાધનોની આદત પડી જાય પછી એ છૂટતી નથી. એ સાધનોજ પછી દુઃખનું કારણ બની જાય છે. આપણી પાસે જે હોય એનાથી વધુ સારૂં આપણે ઝંખવા લાગીએ છીએ. આપણી પાસે મોબાઇલ હોય તો પણ આપણને એનાથી સારો મોબાઇલ લેવાના વિચાર આવ્યા રાખે છે. કાર પણ નવી લેવાનું મન થાય રાખે છે.

માણશ બે વસ્તુથી દૂર થઇ રહ્યો છે, સાદાઇ અને સંતોષ. આપણને બધું જોઇએ છે. કામનું હોય એવું પણ અને કામનું ન હોય એવું પણ! જે અંદરથી ખાલી છે એ બહારથી ભરેલા રહેવાનો પ્રયાસ કરે છે.

આપણે મોટા ભાગે તો લોકોને દેખાડવા માટે બધું કરતા હોઇએ છીએ. આપણો મોહ પણ ક્યાં આપણા પૂરતો હોય છે? આપણે તો દુનિયાને બતાવવું હોય છેકે જુઓ મારી પાસે કેટલું બધું છે. હું બધું બ્રાન્ડેડ જ વાપરૂં છું.

શ્રી વાસુપૂજ્યસ્વામી નમઃ | શ્રી ગણેશાય નમઃ | શ્રી સચ્ચામાતાય નમઃ

# લોડાયા નુખનાં ભાવિકોના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની ૧૭મી સમૂહ પહેડી તથા પ્રસાદી

**રવિવાર ૧૮-૪-૨૦૨૧, શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

સવિનય જણાવવાનું કે લોડાયા નુખના સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી રવિવાર તા. ૧૮-૪-૨૦૨૧, સવારના ૯.૩૦ કલાકે થી શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે લોડાયા નુખના સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહપરિવાર પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

આ વર્ષના પહેડીનો સંપૂર્ણ લાભઃ **માતુશ્રી દેવકાબેન વીરચંદ નરશી લોડાયા જાગીરદાર પરિવાર** હસ્તેઃ અપર્ણા ગૌતમ લોડાયા એ લીધેલ છે.

**MAA SHAKTI TOURS**
**Domestic & International Travels**
**PH : 9246598935**

**ANNADAM - Pure Veg. Restaurent,**
**Gate No. 3, Gachibowli**
**Ph : 9246528935**

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ .......................................... ૯.૩૦ કલાકે
માતાજીના પોખણા .......................................... ૧૦.૦૦ વાગે
માતાજીની સ્થાપના .......................................... ૧૦.૩૦ કલાકે
ભક્તિ ભાવના રાસગરબાની રમઝટ ........................ ૧૧.૦૦ વાગે
માતાજીની આરતી .......................................... ૧૨.૦૦ વાગે
લાભાર્થી પરિવારનું સન્માન તથા અન્ય માહિતી .......... ૧૨.૩૦ વાગે
માતાજીનો મહા પ્રસાદ (પ્રિતી ભોજ) ...................... ૧.૦૦ વાગે

ખાસ નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે.

ભાવિકોને ખાસ વિનંતિ : કાળા વસ્ત્ર પહેરીને આવવું નહીં.

સંપર્ક :

લહેરચંદ ટોકરશી લોડાયા-૯૨૪૬૫ ૩૧૦૬૬
મણીલાલ ખીમજી લોડાયા-૯૨૪૬૩ ૯૧૬૫૮
ખુશાલ વાલજી લોડાયા-૯૮૪૯૦ ૦૨૪૧૧
ગૌતમ માણેકજી લોડાયા-૯૦૩૦૦ ૯૦૮૯૯
રિદ્ધીશ રમેશ લોડાયા- ૯૮૪૯૯ ૮૮૯૯૯
ગિરીશ સોમચંદ લોડાયા - ૯૮૮૫૧ ૩૨૧૧૪
રશ્મી રાજેશ લોડાયા - ૯૮૪૯૩ ૦૩૫૯૫

(જા.ખ.)

ઇચ્છાઓ રાખીએ એમાં કશું ખોટું નથી. આપણાં પૂરતાં સાધનો અને સુવિધામાં પણ કોઇ પ્રોબ્લમ નથી. દરકાર એટલી જ રાખવાની હોય છે કે આપણો મોહ આપણાં દુઃખનું કારણ ન બને. આપણી પાસે જે છે એને આપણે એન્જોય કરીએ. સતત દોડતા રહેવાનો કોઇ અર્થ નથી હોતો. એટલું ચોક્કસ દોડો, જેનાથી તમને મજા આવે. ગોથું ખાઇને પડી જવાય ત્યાં સુધી દોડવામાં જોખમ હોય છે. સુખ જો અંદર નહીં હોય તો બહારથી ક્યારેય મળવાનું નથી. સુખ જો આપણી અંદર હશે તોજ એની અનુભૂતિ થશે.

છેલ્લે : સુખ, શાંતિ અને સ્નેહ માટે આપણે આપણી અંદર નીરખવાનું હોય છે. પણ આપણે બહાર ફાંફાં મારતા હોઇએ છીએ.

**DONATE EYES - LIVE TWICE**


## HIMAYATNAGAR FLAT FOR SALE

**Arihant Gulmohar Apartment, 2000 Sft. 3 BHK, duplex flat,**
**5th floor, Lane Beside Pantaloons, Himayatnagar, Hyderabad.**
**Building for Vegetarians only. Contact : 93910 12584** (જા.ખ.)

## KACHIGUDA FLAT FOR SALE

**Arihant Darshan Apartment, Beside Jain Temple,**
**2400 Sft. 3 BHK, duplex flat, 5th floor,**
**Building for Vegetarians only. Contact : 93910 12584** (જા.ખ.)

## SHOP FOR RENT

**Royal Plaza, Shop No.7, 4-4-933, Sultan Bazar, Opp. HVS School, Hyderabad.Ground Floor, 261 sft + Ready Loft Mezzanine Floor 261 Sft. Total Height 16 Feet.**
**Contact : Kirti Sanghvi 9347052965. Paras Sanghvi 77607 95959** (જા.ખ.)

## FLAT FOR RENT

**Flat for Rent at Prem Bagh Society, 2nd Floor, 4-4-926, C-5, Opp. Hanuman Vyayam Shala School, Kandaswamy Lane, Hyderbad. COntact : 9346919035** (જા.ખ.)

**હૈદરાબાદ ના શ્રી કચ્છી મિત્ર મંડળ ના સભ્યો, આપશ્રી ની મુંબઇમાં એલ.આઇ.સી. પોલીસી (LIC Policy) બાબતે, કોઇપણ પ્રકારની સેવા જોઇતી હોયતો વિના સંકોચે સંપર્ક કરવા વિનંતી. રોહિત ગાલા : ૦૯૮૨૧૫૬૯૯૯૬, ૦૨૨-૩૫૫૯૮૪૮૫**
**PH : 09821569996, 022-35598485, email : rgala67@gmail.com** (જા.ખ.)



# ભાવાંજલિ

## શ્રી જવેરચંદ માડણ દંડ

દેશમાં ગામ : સુથરી- કચ્છ, હાલે : હૈદરાબાદ

ભુલ્યા ના ભુલાશે આપ તણા ઉપકાર
સ્વીકારજો અમારી ઉર્મિઓનાં ઉપહાર
દિવંગત આત્મા મોક્ષગામી હોજો એજ પ્રભુને પ્રાર્થના...
શોકાતુર પરિવાર
માતુશ્રી થાલબાઈ માડણ નથુભાઈ દંડ પરિવાર
- સુથરી (માતા-પિતા)
માતુશ્રી નાથીબાઈ કાનજી મેઘજી મૈશેરી પરિવાર
- રાપરગઢવારી (સાસુ સસરા)
શ્રીમતી જયાબાઈ જવેરચંદ દંડ (ધર્મપત્ની)
શ્રી કમલેશ જવેરચંદ દંડ (પુત્ર)
શ્રીમતી નમ્રતા કમલેશ દંડ (પુત્રવધુ)
શશાંક (પૌત્ર) નિધી (પૌત્રી)

જન્મ તા.
૧૪-૦૬-૧૯૪૨

અરિહંત શરણ
તા. ૨૫-૧-૨૦૨૧



(જા. ખ.)



## ઋણ સ્વીકાર

ભાઈ નરેન્દ્ર લહેરી શાહ (ભેદા) ના અણધાર્યા દુઃખદ અવસાન સમયે અંતિમ યાત્રાની બધી વ્યવસ્થા કરવા બદલ અમે માનવમિત્ર સમિતિના આભારી છીએ. શ્રી લહેરચંદભાઈ લોડાયાનો ખાસ આભાર જેમણે બધી વ્યવસ્થા કરી આપી.



પત્ની : સુમિત્રા શાહ, પુત્રી : ભક્તિ ચિંતન સંઘોઈ,
પુત્રી : ગાયત્રી શાહ, પુત્રી : ચાંદની દીપેશ ગડા
ભાઈ - ભાભી : મોના જીતેન્દ્ર શાહ
ભત્રીજી : સુરભી સમીર વોરા

(જા. ખ.)





गौ माता के लिये प्रतिदिन एक रूपया
दान अवश्य करे..
गौशालाओ मे दान देने संपर्क करे
जसमत पटेल 9848865900
रिद्धीश जागीरदार 9849988999




(જા. ખ.)

# તને શું લાગે છે, હું જે કરું એ બરાબર છે ને?

ચિંતનની પળે : કૃષ્ણકાંત ઉનડકટ

આપણા બધાની જિંદગીમાં ક્યારેક એવો સમય આવતો હોય છે, જ્યારે આપણને આપણા નિર્ણયો સામે જ સવાલ થાય. અ વઢવ અને અસમંજસની સ્થિતિ ક્યારેક તો પેદા થવાનીજ છે. હું જે કરું છું એ બરાબર છે ને ? હું રાઇટ ટ્રેક પર છું ને? મારૂં પગલું ખોટું કે ઉતાવળિ યું નથીને ? કોઇ મહત્વનો નિર્ણય કરતી વખતે આપણે ઘણું બધું દાવ પર લગાવતાં હોઇએ છીએ. ક્યારેક કરિયરનો સવાલ હોય છે. તો ક્યારેક મોટી મૂડીનો પ્રશ્ન હોય છે. આવા સમયે આપણે આપણી નજીકની વ્યક્તિના સહારે જઇએ છીએ, કોનું માર્ગદર્શન મેળવીએ છીએ, કોને પૂછીએ છીએ એ મહત્વનું બની જાય છે.

દુનિયામાં બે પ્રકારનાં લોકો હોય છે. એક જેને દરેક વાતમાં શંકા જાય છે. તેઓને દરેક વાતમાં ખરાબ વિચાર પહેલો આવે છે. બીજા પ્રકારના લોકો દાવ ખેલી લેવામાં માને છે. થઇ થઇને શું થઇ જવાનું છે ? જિંદગી થોડી હારી જવામાં છીએ? જોખમ લીધા વગર કોઇ સફળ થયું નથી. એક યુવાન નવો બિઝનેસ શરૂ કરવા જઇ રહ્યો હતો. તેણે એક વડીલની સલાહ લીધી. વડીલે કહ્યું કે, થિંક ઓફ દ વર્સ્ટ. ખરાબમાં ખરાબ શું થવાનું છે? એનો અર્થ જરાયે એવો નથી કે, બધું ખરાબ થવાનું છે. માણસે એ પણ વિચારવું જોઇએ કે, સારામાં સારું શું થવાનું છે? એક માછીમાર હતો, તેના દીકરાને એક દિવસ તેણે કહ્યું કે, તું મારી સાથે માછી મારી કરવા બહુ આવ્યો, હવે તારે તારી રીતે માછીમારી કરવા જવાનું છે. છોકરાને ડર લાગતો હતો. એ હોડીને દરિયામાં ઝુકાવી જ શકતો નહોતો. પિતાએ પૂછ્યું શેનો ડર લાગે છે? દીકરાએ કહ્યું જાળ ફેંક્યા પછી માછલીઓ નહીં પકડાય તો? પિતાએ કહ્યું શા માટે નહીં પકડાય? પકડાશે જ. તારી જાત પર ભરોસો રાખ. આમ છતાં જો ન રકડાય તો બીજા દિવસે ફરી વખત પ્રયત્ન કરજે. દીકરાએ બીજો ભય વ્યક્ત કર્યો, હોડી ઊંધી વળી જશે તો? પિતાએ કહ્યું કે, તો તરીને કાંઠે આવી જજે. એક વાત યાદ રાખ, જ્યાં સુધી તું દરિયામાં ઝૂકાવીશ નહીં ત્યાં સુધી કંઇ હાથ લાગવાનું નથી એ નક્કી છે. હવે થોડુંક જુદી રીતે પણ વિચાર. માછલીઓ મળવાની જ છે, હોડી ડૂબવાની જ નથી, મને સફળતા મળવાની જ છે. એવો વિચાર કર કે, મારા પિતા કરતાં પણ વધુ માછલીઓ પકડીશ. દરિયો એને જ કંઇક આપે છે. જે એની સાથે બાથ ભીડે છે. પ્રકૃતિ એને મદદ કરે જ છે, જેનામાં કંઇક કરી છુટવાની તમન્ના હોય છે.

આપણે કોઇની સલાહ લીધી હોય કે ન લીધી હોય, છેલ્લે તો જે પરિણામ આવે એના માટે આપણે જ જવાબદાર હોઇએ છીએ. એક યુવાન પોતાના સાહસમાં નિશ્ફળ ગયો. તેનાથી પોતાની નિષ્ફળતા સહન ન થઇ. માણસ નિષ્ફળ જાય એટલે દોષનો ટોપલો ઢોળવા માટે એ કોઇ માથાજ શોધતો હોય છે. આ યુવાને પણ એવું જ કર્યું તેણે કહ્યું કે, મારા સલાહકારો જ ખોટા હતા. બધાએ મને ઊંધા રવાડે ચડાવ્યો. સાચી સલાહજ ન આપી. આ વાત સાંભળીને એક સ્વજને તેને કહ્યું કે, માત્ર કોઇની સલાહ લેવી એ પૂરતું નથી. કોની સલાહ માનવી, કોની સલાહ અવગણવી, એ પણ આપણે નક્કી કરવાનું હોય છે. દરેક માણસ પોતાની વિચારક્ષમતા અને સમજણ શક્તિનના આધારે સલાહ આપતો હોય છે. એ એની જગ્યા એ કદાચ સાચો પણ હોય છે. આપણે એ નક્કી કરવાનું હોય છેકે, આપણે એની જગ્યાએ જવું છે કે આપણે આપણી જગ્યાએ રહેવું છે?



# ભાવાંજલિ

## શ્રી જવેરચંદ માડણ દંડ

ગામ : સુથરી- કચ્છ, હાલે : હૈદરાબાદ

હે ઈશ્વર, આવું શાને થાય છે ?
જે હોય છે સૌને મનગમતા
તેજ તસ્વીર બની જાય છે
પરમપિતા પરમાત્મા આપના આત્માને
પરમ શાંતી આપે એજ પ્રાર્થના...

**શ્રદ્ધાંજલિ અર્પિતકર્તા**
**ચંપાબાઈ પદમશી ભાણજી મોતા**
**શ્રીમતી મધુબેન કિર્તીકુમાર લોડાયા,**
**સમસ્ત પરિવાર, ચૈતન્યપૂરી હૈદરાબાદ**

(જા.ખ.)

**Jai Mahaveer**

## Naman Construction Solutions and Water Proofings

**We cater all your needs to anything in water proofing.**

**We are entering in to the 12th year of our Services to Kutchi and Gujarati Samaj purely due to your imposing 100% faith on us and kind cooperation at all times.**

**Please note that we do our job with no damage and No breakage to your existing structure. Our work is carried out by proficient and experienced workers with the help of branded products in the market. We also stand a warranty period of 2-3 years.**

**Besides, we take painting and colouring assignment to your flats, offices and godowns.**

**Hence please make sure that you avail our services and give a new and renovated look to your flats, offices and godowns. A trial order will convince you.**

**Contact : Vardhaman D Shah - 9885341835.**

(જા.ખ.)

એક યુવાન પોતાા બિઝનેસમાં સફળ થયો. તેને એક વખત સફળતાનું કારણ પૂછવામાં આવ્યું તેણે કહ્યું કે, બિઝનેસ શરૂ કરતાં પહેલા મે ધણા લોકોની સલાહ લીધી હતી. છેલ્લે મેં કોઇની સલાહ માની નહોતી અને મને જે યોગ્ય, વ્યાજબી અને કરવા જેવું લાગ્યું એ જ મે કર્યું જિંદગીના અમુક તબક્કે આપણે નક્કી કરવું પડતું હોય છે કે, કોઇએ ચીંધેલા રસ્તે ચાલવું છે ? કોઇએ બનાવેલ માર્ગે આગળ વધવું છે ? કે પછી આપણે કોઇ નવો રસ્તો બનાવવો છે ? લોકોને તૈયાર રસ્તે જવું વધુ ફાવતું હોય છે, કારણ કે એ બહુ આસાન હોય છે. પોતાની કેડી પોતે જ કંડારીને આગણ વધવાનુ કામ થોડુંક અઘરું હશે, પણ નોંધ તો નવા ચીલા ચાતરનારની જ લેવાતી હોય છે.

આપણી સફળતા અને નિષ્ફળતાનો આધાર એના પર પણ રહે છે કે, આપણે કેવા લોકો વચ્ચે રહીએ છીએ ? આપણું ગ્રુપ કેવું છે ? આપણી નજીક જે લોકો છે.


RAJKOT'S Famous Ice Gola Shop




Jay Bhavani
DRY FRUIT DISH GOLA
Beside Bank of India, 3-4-215/B, Kachiguda, Hyderabad. Ph : 92462 64330
Party & Catering Orders Accepted
wishes from: Love for Cow Foundation
(જા. પ્ર.)

For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Printing
CHANDRAPRABHA GRAPHICS
Paras Ramesh Jagirdar - 99499 81999, 04040258999

For Obituary, Prarthana Sabha, Notice, Birthday, Marriage Greetings, Religious, Commercial Advertisements in Daily Hindi Milap, Swatantra Varta, Deccan Chronicle, Eenadu & Other News Papers, Multi Colour Stickers for Marriage, LOGO Designing, Broucher & Souvenir Printing, Computerised Kundli, Match Making,

Contact: ATLAS ADVERTISING & DESIGNING
Ridesh Ramesh Jagirdar - 40258999, 98499 88999
email : atlas.jagirdar@gmail.com, chandraprabhagraphics@gmail.com
(જા. પ્ર.)

# TO - LET

**ENTIRE 2ND FLOOR APARTMENT AVAILABLE FOR RENT.**
**3-4-311, Lingampalli, Barkatpura, Beside Ghanshyam Patel Bhavan, Walkable Distance to Jain Mandir, Raghavendra Swamy Temple, Kacheguda Hanuman Mandir, Sultan Bazar, YMCA**

1. Luxurious 2nd floor apartment available for rent. (1800 SFT)
2. 1 Car Parking + Additional parking if needed (negotiable with owner)
3. 100% Vaastu Compliant. East Facing Entrance.
4. Very Spacious with ample light and ventilation on all directions
5. Beautiful False roofing and Lighting.
6. Luxurious Hall cum Seating Area (400SFT)
7. 2 Large Master Bedrooms + 2 Bathrooms (all western toilets)
8. Exclusive Woodwork and Wardrobes in all Bedrooms
9. Dressing Area, Mirror area in all Bedrooms
10. 3 Balconies (Hall and Bedrooms)
11. 1 Washing Area
12. Large Dining Area
13. God Room
14. Spacious Kitchen with Modular Storage.
15. Ample additional storage lofts for luggage and furniture
16. Ample storage facilities in rooms and lofts
17. Inverter Provided
18. Geysers in Bathrooms provided.
19. Fans, Lights in all Rooms.

**RENT TERMS AND CONDITIONS:**

1. Strictly only for Families less than or equal to 6 total members
2. Vegetarians preferred (Egg OK)
3. Rent: 26500 Per Month + Maintenance (Min 2500. Not included in rent. Includes water, lift, common electricity, watchman etc. as decided by the residents)
4. Other details can be discussed during Lease Agreement.

**Contact : KARTIK MATMARI / 80085 54435**

(જા.ખ.)

# Flat for Rent / Sale

## 3 BHK Duplex Flat with open Terrace, 2nd Floor, Badichowdi, Sultan Bazar, Hyderabad 500095.

**Contact : Nemji Kakka 9347057741**
**Sameer Kakka 93930 97742**
**Maulik Kakka 98850 66167**

(જા.ખ.)

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)



**ઇન્સ્યોરેન્સ ક્ષેત્રે ૫૭ વર્ષોથી આપની સેવામાં...**

**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઈમ-હેલ્થ ઈન્સુરેન્સ**

માટે સંપર્ક કરોઃ **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯, ૯૯૪૯૫૧૮૦૭૬ (જા.ખ.)

Pick up & Drop

**CHERIAN**

**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-108/109, H.A. Plaza Cellar, P.G. Road, Nampally, Metro Piller No. A1264, Hyderabad.

Cell : 98495 84518, 80084 55467 (જા.ખ.)

**ગજાનંદ ઈન્ડસ્ટ્રીસ**

નિઝામબાદના નવા ચોખા આવેલ છે. સોના મસૂરી, કોલમ, આંબા મોર, ઈટલી રાઈસ, બ્રાઉન રાઈસ, લો પોલીસ, અને હળદર, મરચું, બધા પ્રકારની દાળ મળશે.

**શ્રીજી ટ્રેડર્સ :**

૩-૩-૮૬૫, કાચીગુડા, પિલ્લર નં. બી ૧૧૮૭ની બાજુ ની ગલી, બીગ બજારની સામેની ગલી, આર્ય સમાજ મંદિરની સામેની લેન, હૈદરાબાદ-૫૦૦ ૦૨૭

સંપર્કઃ 98491 74116, 9908584649 (જા.ખ.)




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવી) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડલી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

**SANGHVI BROTHERS**

Estd:1979

Industrial Electronic Components & Tools

4-3-267, Bank Street, Gujarati School Lane, Hyderabad - 500 095.

Email : sanghvibrothers1979@gmail.com, www.sanghvibrothershyd.com

040-2475 2518, 80 7472 1999

CALONIX * SOLDRON * CDIL * SOYNIA * FLUKE *

MASTECH * MAXINE * MULTITEC * TAPARIA *

**KIRAN electronics**

Estd. 1980

Industrial Electronic Components & Tools

9, Royal Plaza, 4-4-933,Opp. H.V.S. School, Sultan Bazar, Hyderabad - 95

Email : hydkiranelec@yahoo.com www.kiranelechyd.com

040-2475 0656, 9394 55 8636

HICOOL * PLA * AMPTEK * ELCOM * GILARD *

PANKAJ * UNISON * PROTECTRON *

# Home-made
# Pure Ghee Sweets & Namkeen

| | |
|---|---|
| Finia Laddu | Godia Laddu |
| Godpapdi | Godia Laddoo with Dry-Fruits & Katra Masala |
| Raggi Khajoor Laddu (Sugar Free) | Panch Dhanya Laddu (Magdaria) |
| Dry Fruit Laddu | Oats Makhana Laddu |
| Futana Laddu | Protein Laddu |
| Adadiyapak (in Winter) | Ginger Laddu (in Winter) |
| Protein Chikki | Coconut Biscuit |
| Sangali Bhadang | Termeric Powder |

**Khakhara :** Chorafari, Ghee Jeera, Math, Methi Masala, Mari Masala, Sada

**Shikandar :** Chana & Salted Khari Shing (Hing Jeera / Nimboo Pudina / Spicy Masala, Roasted)

Saurashtra Farsan, Dadar : Spl. Kachori, Methi Gathia
Gokuldas, Dadar : Nadiyadi Bhuso, Lakadia Gathia

Pravin Chheda - 8247789295 : 102 Uma Residency, Nr. Jineshwardham, Kachiguda, Hyderabad-500027

(જા.ખ.)



# One stop services

## for all your needs

## FINANCIAL INVESTMENTS

## INSURANCE

## SAVINGS & TAX PLANNING

### SERVICES OFFERED

- General Insurance - New India Assurance & Star Health
- Life Insurance - HDFC Life & LIC
- Postal Savings - RD / MIS / NSC / KVP / TD
- Pure Risk Plan
- Cancer Care Plan
- Retirement Plan
- Mutual Funds
- Fixed Interest Instruments

**Assuring of Services at your Doorstep**

For all your requirements Contact : Financial Consultants


Madhusudan Modani : 98491 60807

Lalitha Modani : 92461 50501

1-8-337/1, Block 1, Flat No. 401, Fore Front's Royal,
Indian Airlines Colony, Begumpet, Hyderabad - 500 016.
Phone - Res : 040 2790 2297. e-mail : msmodani@gmail.com




If undelivered please return to

**SHRI KUTCHHI MITRA MANDAL**
Kutchhi Bhavan,
3-5-142, Eden Bagh, Ramkote,
Hyderabad 500 001. A.P.
Phone : 2475 2383, 6594 2383

Printed Matter only. Posted u/c 5A of P&T guide. Hence not to be taxed
BOOK - POST

Printed & Published by **SHRI KUTCHHI MITRA MANDAL,** 3-5-142, Eden Bagh, Ramkote, Hyd-1 Edited by : **Darshana Dedhia**
Printed at **Chandraprabha Graphics,** Shop No. 37, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad. Ph : 66780780, 9849988999, chandraprabhagraphics@gmail.com